તસવીર : વિરેન્દ્ર રામી

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના આયોજીત એકતા યાત્રા મહેસાણા શહેરમાં આવી પહોંચી હતી. ઠેરઠેર ઠાકોરસેના યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યુ હતુ. એકતા યાત્રામાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના પ્રદેશ પ્રમુખ અને રાધનપુરના ધારાસભ્ય અલ્પેશજી ઠાકોર, બહુચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોર, ઠાકોર સેના જિલ્લા પ્રમુખ રામાજી ઠાકોર વગેરે જોડાયા હતા. મોઢેરા ચારરસ્તા ઉપર આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર કરી જય સરદારના નારા લગાવ્યા હતા.

કોંગ્રેસમાં ખેંચતાણ વચ્ચે આશા પટેલનું રાજીનામું

અમદાવાદ,તા. ૨

લોકસભા ચૂંટણી પહેલાં જ કોંગ્રેસમાં આંતરિક નારાજગી અને વિખવાદ હવે જાહેરમાં ઉજાગર થવા સભ્યપદેથી રાજીનામું આપી દેતાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. કારણ કે, આશાબહેન પટેલ કોંગ્રેસનું બહુ મોટુ અને મજબૂત માથુ અને નોંધનીય વાત તો એ છે કે, કોંગ્રેસને મોકલેલા રાજીનામાંના પત્રમાં આશાબેને લખ્યું છે કે, રાહુલજીનું નેતૃત્વ નિષ્ફળ ગયું છે, રાહુલના નેતૃત્વને નિષ્ફળ ગણાવી વડાપ્રધાન મોદીના ભરપૂર વખાણ કરતાં ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસને મોકલેલા ચૂંટાયેલી પાંખ વચ્ચે તાલમેલ સાધવા માટે કોઈ પ્રયાસો કરવામાં આવ્યા નથી. રાહુલજીનું નેતૃત્વ પણ નિષ્ફળ નીવડ્યું છે. પ્રજાના

પ્રશ્નો પણ હલ કરી શકાતા નથી. અમારા મતવિસ્તારમાં પ્રજાના પ્રશ્નો માટે અમે સતત લડીએ છીએ અને ત્યારે પાર્ટી તરફથી કોઈ સહકાર મળતો નથી. જેના કારણે અમે અને પ્રજા હેરાન થઈએ છીએ. હાલ જ્યારે આપણા વડાપ્રધાને ૧૦ ટકા સવર્ણ અનામત આપવાનો પ્રયાસ કર્યો છે ત્યારે કોંગ્રેસ સંગઠન નાતિ-જાતિ અને ધર્મના નામે લોકોને લડાવવામાં રસ લે છે. આ સંજોગોમાં કોંગ્રેસમાં કે કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે કામ કરવું મુશ્કેલ બન્યું છે. આથી હું કોંગ્રેસના તમામ હોદ્દા, સભ્યપદ અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપું છું. કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈને પ્રજાના કામોમાં સહયોગ ન મળતો હોવાથી ચૂંટાયેલ સભ્ય તરીકે ચાલુ રહેવાનો મને કોઈ અધિકાર નથી.

અલ્પેશ ઠાકોર પણ ભાજપમાં જોડાય તેવા સ્પષ્ટ સંકેત

ગુજરાત કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ ચરમસીમા ઉપર પહોંચી ચુકી છે. લોકસભાની ચુંટણી નજીક છે ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય આશા પટેલે રાજીનામું આપી દીધું છે. હવે પાર્ટીના વધુ એક ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. અલ્પેશ પણ ટુંક સમયમાં જ ભાજપમાં સામેલ થાય તેવા સંકેત મળી રહ્યા છે. અલબત્ત અલ્પેશ પટેલે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી પરંતુ અલ્પેશ ઠાકોર કહી ચુક્યા છે કે સત્તામાં રહીને જ સમાજ સાથે સંબંધિત કામ થઈ શકે છે. પાર્ટીના વર્તનને લઈને અલ્પેશ પણ ઘણા દિવસથી નારાજ હોવાના અહેવાલ મળી રહ્યા છે. જોકે અલ્પેશના સંદર્ભમાં કોંગ્રેસ પાર્ટી તરફથી હજુ સીધી આ પ્રકારની કોઈ વાત કરવામાં આવી નથી. અલ્પેશને લઈને મનાવવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. આશાબેનના રાજીનામા બાદ અલ્પેશ ઠાકોરને લઈને પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા તીવ્ર બની છે. અલ્પેશ ઠાકોરને લઈને છેલ્લા ઘણા સમયથી અહેવાલો આવી રહ્યા છે. પોતાના સમુદાયના લોકોને રાહત અપાવવાના હેતુસર અલ્પેશના પ્રયાસો જારી રહ્યા છે.

અલ્પેશ હાલમાં રૂપાણીને પણ મળી ચુક્યા છે. અલ્પેશ ઠાકોર કહી ચુક્યા છે કે સમાજના હિતમાં કામ કરવા માટે તૈયાર છે. તે પાર્ટીના બદલે પતાના સમાજના લોકો માટે કામ કરવાને લઈને વધારે ઉત્સુક છે. જુદા જુદા કાર્યક્રમોમાં અલ્પેશ હાજરી આપી રહ્યા છે. આજે પણ અલ્પેશ જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત દેખાયા હતા. જોકે કોઈ ખુલાસો તેમના તરફથી કરવામાં ન આવતા રાજકીય ગરમી અકબંધ રહી છે. ગુજરાતમાં વિધાનસભાની ચુંટણી દરમિયાન અલ્પેશ ઠાકોરને કોંગ્રેસમાં સામલે કરી લેવામાં આવ્યા હતા. જોકે ત્યારબાદ અલ્પેશની કોંગ્રેસના અન્ય નેતાઓ સાથે ખેંચતાણ રહી છે.

લાગ્યા છે. કોંગ્રેસની છાવણીમાંથી આજે ઉંઝા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય આશાબેન પટેલે ધારાસભ્યપદેથી અને કોંગ્રેસના ગણાતું હતું. આશાબહેનના રાજીનામાને પગલે લોકસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. સૌથી ચોંકાવનારી જ્યારે વડાપ્રધાન મોદીએ સવર્ણોને ૧૦ ટકા અનામત આપી છે ત્યારે કોંગ્રેસને નાતિ-જાતિને લડાવવામાં રસ છે. આમ, આશાબહેન પટેલે રાજીનામાંમાં આશાબહેન પટેલે લખ્યું કે, છેલ્લા એક વર્ષથી વારંવાર પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરે રજૂઆત કરવા છતાં પણ સંગઠન અને

આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠા પધારશે

દાંતીવાડા કૃષિ યુનિ. ખાતે ૩ થી ૭ ફેબ્રુ. દરમિયાન યોજનાર યુથ ફેસ્ટીવલમાં દેશની ૭૦ કૃષિ યુનિ.ના વિદ્યાર્થીઓ ભાગ લેશે

પાલનપુર, તા. ૨

આજે ૩ ફેબ્રુઆરી, રવિવારના રોજ આપણા લોકપ્રિય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠા જીલ્લાની મુલાકાતે પધારશે. મુખ્યમંત્રીના હસ્તે દાંતીવાડા મુકામે આવેલ કૃષિ યુનિવર્સિટી ખાતે સવારે ૯ વાગે યુથ ફેસ્ટીવલનું ઉદઘાટન કરાશે. ઉલ્લેખનીય છે કે દેશની ૭૦ કૃષિ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે તા. ૩ થી ૭ ફેબ્રુઆરી દરમ્યાન દાંતીવાડા કૃષિ યુનિ. ખાતે યુથ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કૃષિ અને ગ્રામ વિકાસમંત્રી રણછોડભાઈ ફળદુ, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષિ વિભાગના અગ્ર મુખ્ય સચિવ સંજય પ્રસાદ, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ નવી દિલ્હી ડૉ. એન. એસ. રાઠોડ, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. અશોક પટેલ સહીત મહાનુભાવો અને નિષ્ણાતો ઉપસ્થિત રહેશે.

દેશની કૃષિ શિક્ષણ પધ્ધતિમાં વિદ્યાર્થીઓને વર્ગખંડના શિક્ષણ ઉપરાંત તેમનામાં રહેલી સાંસ્કૃતિક કલા અને તે સબંધી આવડત અને કૌશલ્યને બહાર લાવવા માટે ગુજરાત સરકાર અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના સહયોગથી દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે એગ્રી યુનિફેસ્ટ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાંતિજ એસ્સાર ગેસ પંપ પર રીક્ષાચાલકોનો હોબાળો

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સીએનજી પંપ ઉપર પુરા પૈસા આપવા રીક્ષાચાલકોએ સીએનજી ગેસ પુરાવા ગયાં હતાં. તો પૈસા પુરા અને ગેસ ઓછો મળતાં રીક્ષા ચાલકોએ ગેસ

છતાં ગેસ ઓછો મળતાં રીક્ષા ચાલકોએ ગેસ પંપ ઉપર હોબાળો મચાવ્યો. પોલિસ બોલાવવાનો વારો આવ્યો હતો અને પોલિસ આવતાં આખો મામલો ઠારે પડ્યો હતો.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ સીએનજી ગેસ પંપ ખાતે પંપ ઉપર હોબાળો મચાવ્યો હતો. રીક્ષાચાલકોનું કહેવું છે કે અમે અહી અવારનવાર ગેસ પુરાવા આવીએ છીએ અને અમારાં પૈસાના બદલામા પુરતો ગેસ મળતો નથી અને ચાર કિલો ટાંકીની અંદર ચાર સાડા ચાર પાંચ કિલો ગેસ આવે છે. જ્યારે અમે બીજી જગ્યાએ ગેસ ભરાલીએ છીએ તો ત્યાંથી ૧૯૦માં ગેસની ટાંકી ફૂલ થઈ જાય છે તો કંપનીના અધિકારીઓ ગનતા વધારવાનું કહીને હાલ તો ફોન ઉપર રીક્ષા ચાલકોને સમજાવતાં હતાં. ગેસ પંપ દ્વારા પૈસા પુરા ગેસ ઓછો આપતાં રીક્ષા ચાલકોએ હોબાળો મચાવ્યો હતો. ગેસ પંપ વિરૂધ્ધ અનેક વાર ફરીયાદો ઉઠવા પામી છે. પંપ માલિક દ્વારા દર વખતની જેમ દોષનો ટોપલો ગેસ કંપની ઉપર ઢાલવ્યો હતો. રીક્ષાચાલકો દ્વારા પ્રાન્ત અધિકારી તથા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપવાના છીએ તથા જો તંત્ર દ્વારા કોઈજ એકશન નહી લેવામાં આવે તો ભુખ હડતાલ ઉપર બેસવાની રીક્ષા એસોસિયેશનના પ્રમુખ કાગદી મંમદ જુબેર તથા રીક્ષા ચાલકો દ્વારા હાલતો ચીમકી આપવામાં આવી છે.

ધનસુરા તાલુકાની ૭૦ ટકા ખેતીની જમીન સિંચાઈ લાભથી વંચિત

અરવલ્લી જિલ્લામાં ત્રણ ત્રણ મોટા ડેમ આવેલા છે. વાત્રક, માઝુમ, મેશ્વોમાંથી ધનસુરા તાલુકાના ૭૦ ટકા ગામોને આ જળાશયોમાંથી કેનાલ દ્વારા લાભ મળતો નથી. તાલુકામાં મોટા ભાગના ખેડૂતો પોતાના કૂવા, તળાવોમાંથી પાણી મેળવી ખેતી કરે છે. ૨૦ ટકા જેટલી જમીન બિન પિયત છે. આ ગરીબ ખેડૂતો આકાશી ખેતીના કારણે માત્ર ચોમાસામાં જો સમયસર ખેતીલાયક વરસાદ પડે તો જ ખેતી થાય છે. ગુજરાતની લોકપ્રિય સરકારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં નર્મદા ડેમમાંથી પાણી આપવા યોજના બનાવી છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ૭૦ ટકા ખેડૂતોને સિંચાઈનો લાભ આપવા ખેડૂતોની માંગ છે.

માલપુરના સાતિર મગજના લૂંટારૂઓએ લૂંટ પહેલા

વિઘ્ન સર્જાતા ૬ કૂતરાને ઝેરી પદાર્થ આપી મોતને ઘાટ ઉતારી મંદિરમાં લૂંટ ચલાવી

મોડાસા, તા. ૨

માલપુર નગર સહીત સમગ્ર પંથકમાં ઘરફોડ ચોરીનો ગ્રાફ ઉંચે ચઢી રહ્યો છે. માલપુરમાં લૂંટ ચલાવાર

ટોળકીએ નગરમાં રખડતા કુતરાઓ પડકાર અપાતા હોવાથી કુતરાઓને ઝેરી પદાર્થ ખવડાવી મોતને ઘાટ ઉતાર્યા બાદ સતત પાંચમીવાર સિદ્ધિવિનાયક મંદિરને નિશાન બનાવવા સહીત ૨ સ્થળોએ લૂંટ ચલાવી તસ્કરો ફરાર થઈ જતા નગરજનોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. ૬ કુતરાઓના મોત નિપજતા જીવદયાપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તસ્કર ટોળકીને પોલીસનો ડર જ ન હોય તેવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે. માલપુર નગરમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવની માંગ સાથે લૂંટારૂઓને ઝડપી પાડવા માંગ ઉગ્ર બની છે. માલપુર પોલીસે જ્યોતિષકુમાર ગોરધનદાસ પંડ્યાએ આશરે રૂ. ૪૬૫૦ની મત્તાની લૂંટની ફરિયાદના આધારે લૂંટારુઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

માલપુર નગરમાં ઘરફોડ ચોરોએ લૂંટની ઘટનાને અંજામ આપવામાં શેરીઓમાં રખડતા કુતરાઓ ભસતા હોવાથી લોકો જાગી જતા લૂંટના પ્રયાસ નિષ્ફળ રહેતા અધમ કહી શકાય તેવું કૃત્ય આચરી ૬ કુતરાઓને ઝેરી પદાર્થ ખવડાવી કુતરાઓને કાયમ માટે શાંત કરી દીધા બાદ માલપુરમાં આવેલા ગણપતિ મંદિરમાંથી ભગવાનની મૂર્તિ ઉપરના પંચધાતુના ૩ છત્રો સહીત દાન પેટી તોડી રોકડ રકમ અને પેન ડ્રાઈની લૂંટ ચલાવી ફરાર થઈ જતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માલપુરના અમરીશભાઈ પંડ્યાના બંધ મકાનનું તાળું તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. મકાનમાંથી કિંમતી સમાન તસ્કરોને હાથ ન લગતા તમામ માલસામાન વેરવિખેર કરી નાસી છૂટ્યા હતા.

તન તંદુરસ્તી ● ચોથા પાનાનું ચાલું

એન્ટીવાઈરલ ઝેલથી હાથ સાફ કરવા જોઈએ.

- જો શક્ય હોય તો મોં ઉપર રૂમાલ રાખવો જોઈએ. જે દર્દીને છીંકો આવતી હોય અથવા તો સ્વાઈન ફ્લુ થયો હોય એમનાથી દુર રહેવું. ખોરાકમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે એવા ખોરાક ખાવા જોઈએ.
- રોગ પ્રતિકારક શક્તિ ક્યા ખોરકથી વધે જેમાં પ્રોટીનની માત્રા વધારે હોય એવા ખોરાક ખાવા જોઈએ. ચરબીવાળા તળેલા ખોરાક બંધ કરવા જોઈએ.
- સ્વાઈન ફ્લુથી ગભરાવાની જરૂર નથી. બધા જ સ્વાઈન ફ્લુ જીવલેણ નથી હોતા. જો રોગ પ્રતિકારક શક્તિ સારી હશે તો સ્વાઈન ફ્લુથી મૃત્યુ થવાની શક્યતા ખૂબ જ ઓછી છે.

કકળાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાય છે બીજી તરફ પાણીની જરૂરિયાત સંતોષવા માટે સરકાર દ્વારા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે આમ છતાં સમયાંતરે પાણીની બૂમ ઉઠવા પામી છે શહેરમાં પાણીનો બગાડ પણ વિશેષ થાય છે સરકારી કચેરીઓ શહીદ સચિવાલય સંકુલમાં પણ પાણીનો વિશેષ બગાડ થાય છે. બીજી તરફ સંગીત કામગીરીના કારણે પાણીની લાઈનમાં ભંગાણ થતુ હોવાની ફરિયાદો પણ વધી છે ચ ૩ પાસે હાલમાં પણ પાણી લીક થતું હોવાનું ધ્યાને આવ્યું છે એક બાજુ શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો પૂરો પાડવા માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યો છે બીજી તરફ હાલ સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે આજે શહેરના જૂના અને નવા સેકટરોમાં પૂરતા પૂરતી પાણીના આવતા ગૃહિણીઓમાં કકળાટ પ્રવૃતિઓ હતો જોકે પાણીની સમસ્યા પાછળ ટેકનીકલ ક્ષતિઓ પણ જવાબદાર હોવાનું મનાય છે.

તૃણમૂલ ટેક્સ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લાભ કોઈને મળી શક્યા નથી. મોદીએ આ ગાળા દરમિયાન સરકારની યોજનાઓથી લોકોને મળી રહેલા લાભનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે ધૈર્ય ખૂબ જરૂરી છે. કારણ કે જે પ્રકારનું વર્તન ટીએમસી દ્વારા ભાજપના કાર્યકરો સાથે કરવામાં આવી રહ્યું છે તેનાથી તમામને પીડા થાય તે સ્વાભાવિક છે. ગઈકાલે રાત્રે પણ આવી જ ઘટના બની ગઈ હતી. કાર્યકરો સાથે એક પછી એક ઘટના બની રહી હતી. બંગાળમાં કાર્યકરોનું સાહસ વધારતા મોદીએ કહ્યું હતું કે તેમનું બલિદાન બેકાર જશે નહીં. સમય લાગે છે પરંતુ જ્યારે દિપક બુઝાઈ જાય છે તે પહેલા તેમાં જ્વાળા વધારે હોય છે. મોદીએ મમતા બેનર્જીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે તેઓ દિલ્હીમાં વિચારી રહ્યા હતા કે દીદી પોતે સામ્યવાદીઓના શાસનમાં પરેશાન રહી ચુક્યા છે. જેથી તેઓ એ રસ્તા ઉપર આગળ વધશે નહીં પરંતુ લોકોના ઉત્સાહના કારણે તેમની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. તેમને લાગી રહ્યું છે કે લોકશાહીનું ગળુ દબાવીને સામ્યવાદીઓની જેમ વર્તન કરી લેશે. જે સરકારને લોકશાહીની મર્યાદાની પડી નથી, જે સરકારના કર્મચારી પણ એવું જ વર્તન કરે છે તે સરકારનું પતન નિશ્ચિત છે. બંગાળમાં પરિવર્તન ચોક્કસપણે થશે. બંગાળની ધરતી ઘણા દિવસ સુધી અન્યાયને ચલાવશે નહીં. મોદીએ કહ્યું હતું કે અહીંની ધરતીમાં એટલી તાકત રહેલી છે કે માં, માટી અને માનુસના નામ ઉપર સરકાર બનાવવાનો દાવો કર્યા બાદ અને અંધાધૂંધ સરકાર ચલાવ્યા બાદ મમતાને પણ લોકો હટાવીને ઝંપ લેશે. બંગાળમાં ભાજપની વિચારધારા ઝડપથી ફેલાઈ રહી છે. વિવેકાનંદના વિચાર અમારી પાર્ટીમાં છે. મોદીએ કહ્યું હતું કે અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. કરોડોના રેલવે પ્રોજેક્ટોનું લોકાર્પણ કરાયું છે. પરિવહનની વ્યાપક સુવિધા છે. બજેટ અંગેની વાત કરતા તેમણે કહ્યું હતું કે છેલ્લા ચાર વર્ષના ગાળામાં બંગાળના વિકાસ માટે બજેટમાં ઘણા પગલા લેવાયા છે પરંતુ મમતાની સરકાર વિકાસને લઈને ગંભીર નથી. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિ એવી વણસી ગઈ છે કે ૯૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ અટવાઈ પડ્યા છે. રાજ્ય સરકાર સહકાર કરી રહી નથી. ટીએમસ સરકાર એવા પ્રોજેક્ટને હાથ લગાવતી નથી જ્યાં સિન્ડીકેટનું ભલું થતું નથી.

નવા ડિરેક્ટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓમાં નારાજગીને દુર કરવાની પણ તેમની મહત્વપૂર્ણ જવાબદારી રહેશે. અધિકારીઓ હાલમાં અયોગ્ય ટ્રાન્સફરના કારણે નારાજ દેખાયા રહ્યા હતા. શુકલા એવા સમયે જવાબદારી સંભાળી રહ્યા છે ત્યારે અન્ય પ્રકારના પડકારો પણ રહેલા છે. તેમની સામે અનેક મહત્વપૂર્ણ કેસ રહેલા છે. જેમાં ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડ કેસ, ટુજી સ્કેમ, કોલસા કૌભાંડ, એર ઈન્ડિયા કૌભાંડ, કોંગ્રેસના નેતાઓ ચિદરમ્બરમ, ભુપેન્દ્રસિંહ હુડા, ઉત્તરપ્રદેશ જમીન માઈનીંગ કૌભાંડ, શારદા કૌભાંડ, રોસવેલી ચીટ ફંડ કૌભાંડ, આઈસીઆઈસીઆઈ બેંકના પૂર્વ વડા ચંદા કોચર સામે એફઆઈઆર સહિતના મામલામાં તેમની સામે તપાસ કરવાની જવાબદારી છે. આજે આદેશ જારી કરવામાં આવ્યા બાદ હવે તેઓ મોટા પડકાર સ્વીકારવા જઈ રહ્યા છે. સીબીઆઈમાં હાલ જોરદાર ખેંચતાણ ચાલી રહી હતી. રાકેશ અસ્થાના અને આલોક વર્મા વચ્ચે જોરદાર ખેંચતાણ રહ્યા બાદ સીબીઆઈની પ્રતિષ્ઠાને જોરદાર ફટકો પડ્યો હતો. ૧૦મી જાન્યુઆરીના દિવસે આલોક વર્માને ડિરેકટરના હોદ્દાથી દુર કરાયા બાદ તેમની જગ્યાએ એમ.નાગેશ્વર રાવની વચગાળાની વડા તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. સીબીઆઈ ડિરેકટરની નિમણૂંકમાં વિલંબ થયા બા સુપ્રિમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. ત્યારબાદ હાઈપાવર્ડ કમિટીની બેઠકમાં પણ પડકાર ઉભા થયા હતા. સુપ્રિમ કોર્ટે નારાજગી વ્યક્ત કર્યા બાદ એક દિવસ પછી જ નવા ડિરેકટરના નામને મંજુરી આપવામાં હતી.

ખબરે અનોખી...

મહિલાએ છીંક ખાધી તો ૧૨ વર્ષ જૂની વીંટી નાકમાંથી નીકળી

દુનિયામાં ઘણી ઘટનાઓ એટલી અજબ-ગજબ હોય છે કે તે ચર્ચાનો વિષય બની જાય છે. બ્રિટનમાં આવી જ એક ઘટના થઈ છે. યુકેમાં મહિલાની છીંક સાથે કંઈક આવી જ એક ઘટના થઈ છે. ૧૨ વર્ષ પહેલા જે વિંટી ખોવાઈ ગઈ હતી તે વર્ષો સુધી તેમના નાકમાં ફસાયેલી રહેલી અને ૧૨ વર્ષ પછી અચાનક છીંક સાથે તેમના નાકમાંથી બહાર નીકળી ગઈ.

ઈટલીના એક ગામમાં વસવાટ કરશો તો મળશે મફત ઘર અને લાખો રૂપિયા

ઈટલીનુ એક ગામ પોતાને ત્યાં રહેતા લોકોને મફતમાં ઘર અને ૧૦૦૦૦ યુરો એટલે સવા આઠ લાગ રૂપિયા આપવાની ઓફર કરી રહ્યું છે. તેમનો આ પ્રસ્તાવ ખાસ કરીને યુવા ફેમીલી માટે છે. ગામના લોકો ઈચ્છે છે કે નવા લોકો અહીં આવે તેમના સમુદાયનો હિસ્સો બને. આ ગામ ખુબજ સુંદર છે. જ્યાં જુની શૈલીના એકથી એક ચડિયાતા મકાનો છે. ચારે બાજુ હરિયાળી છે અને લાંબા પહોળા ખેતરો છે.

નર્સે દર્દીને લખ્યો મેસેજ, દર્દી બેહોશ થઈ ગયો

ચીનમાં એક નર્સે અંગ્રેજી ન આવડતુ હોવાના કારણે એક વિદેશી દર્દીને એવો પત્ર લખ્યો કે જેને જોઈને દર્દી બેહોશ થઈ ગયો છે. એક વિદેશી વિદ્યાર્થી બીમાર હોવાના કારણે ચીનની હોસ્પિટલમાં ભરતી હતો. ચીનની હોસ્પિટલમાં નર્સને અંગ્રેજી ભાષા ન આવડતી હતી જેથી આ નર્સે પોતાની બુદ્ધીનો ઉપયોગ કરી ચિત્રની મદદથી દર્દીને સૂચના આપી હતી. જે મેસેજ હાલ સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થઈ રહ્યો છે.

પબજી ગેમથી પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા પત્નીનો આત્મહત્યાનો પ્રયાસ

છેલ્લા ઘણા સમયથી મોબાઈલ પર ઓનલાઈન પબજી ગેમ હવે ઘરેલુ કંકાશ માટે પણ નિમિત્ત બની રહી છે. જેમાં ખંભાળીયામાં રહેતો પતિ પબજી ગેમમાં વ્યસ્ત બની પૂરતો સમય પત્નીને આપતો ન હતો. પત્નીએ આ ફરિયાદ સાથે અંતિમ પગલુ ભરવા જતી હતી ત્યારે ૧૮૧ અભયમની ટીમે દોડી જઈ પત્નીને બચાવી લઈ પતિને સમજાવતા પરિવાર તૂટતો બચી ગયો હતો.

ક્રાઈંગ ક્લબમાં રડવા માટે લાગે છે લોકોની ભીડ

લાફ્ટર ક્લબ બાદ હવે સુરત શહેરમાં ક્રાઈંગ ક્લબ ઝડપથી લોકપ્રિય બની રહ્યુ છે. જેની પાછળ ખુબ મોટા કારણો છે. અહી એવા લોકો આવે છે જે પોતાના જીવનમાં કોઈ વાતથી પરેશાન રહે છે. લોકો અહીં આવીને પોતાની પરેશાની વિશે વાતો કરે છે. અને રડીને પોતાનું દુ:ખ ઓછુ કરે છે. આવુ કરવાથી લોકોની પરેશાની પણ ઘટી જાય છે. સુરત સ્થિત ક્રાઈંગ ક્લબમાં દરરોજ સેંકડો લોકો આવે છે. આ ક્લબના સંસ્થાપકોમાં મનોચિકિત્સક પણ છે. તેમના પ્રમાણે રડવુ એક એક્સરસાઈઝ છે. રડ્યા બાદ લોકો ખુબ જ હળવુ અનુભવે છે.

મોડાસાના સાકરીયા નજીક આમંત્રણ હોટેલના ચોકીદારની હત્યા

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહે છે. જીલ્લામાં યુવાનોની સતત હત્યાની ઘટનાઓ બનતા ચકચાર મચી હતી. મોડાસાના સાકરીયા નજીક આવેલી આમંત્રણ હોટલમાં ચોકીદાર તરીકે નોકરી કરતા રણછોડભાઈ ખેમાભાઈ વણકરનો ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી હતી. પરિવારજનોએ હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરતા અને પેનલ પી.એમ.ની માંગ કરતા દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે મૃતદેહને પી.એમ. માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસાના સાકરીયા ગામના રણછોડભાઈ ખેમાભાઈ વણકર ગામ નજીક આવેલી આમંત્રણ હોટલમાં ચોકીદાર તરીકે ફરજ બજાવી જીવનનિર્વાહ ચલાવતા હતા. શુક્રવારે રાત્રીના સુમારે ફરજ પર ગયા બાદ પરિવારજનોએ મોબાઈલ પર સતત સંપર્ક કરતા સંપર્ક ન થતા તેમનો મોટો દીકરા લલિતે શનિવારે વહેલી સવારે આમંત્રણ હોટલ પહોંચી તપાસ કરતા આજુબાજુ જોવા ન મળતા હોટલ પાછળ તપાસ કરતા રણછોડભાઈનો માથાના ભાગે અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ અને લોહીના ખાબોચિયા મૃતદેહ મળી આવતા હાફળો ફાફળો બની પરિવારજનોને જાણ કરતા પરિવારજનો અને ગ્રામજનોના ટોળેટોળા ઘટનાસ્થળે પહોંચી ચોકીદાર યુવકની હત્યા કરવામાં આવી હોવાની આશંકા દર્શાવાતા ઘટનાના પગલે દોડી આવેલી મોડાસા ગ્રામ્ય પોલીસે મૃતદેહને પી.એમ. માટે મોડાસા સરકારી દવાખાને ખસેડાયો હતો.

રૌદ્ર રૂપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નેનો સેકન્ડમાં જ બરફમાં ફેરવાઈ જાય છે. શીકાગોમાં તાપમાન માઈનસ ૪૦ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. બરફના આ કહેરને ધ્યાનમાં લઈને ઈમરજન્સી સેવાઓને વધુ સક્રિય કરી દેવામાં આવી છે. સામાન્ય નાગરિકો માટે પણ સુરક્ષાને લઈને ચેતવણી જારી કરાઈ છે. શિકાગોમાં ટ્રેનના પાટા ઉપર બરફ જામી જતા ટ્રેન સેવાને પણ અસર થઈ છે. ટ્રેક ઉપર ટ્રેનોને યોગ્ય રીતે ચલાવવા માટે આગ સળગાવીને બરફ પીગડાવવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. અમેરિકાના સૌથી વ્યસ્ત શહેરો પૈકી એક ન્યૂયોર્કમાં હડસન નદીમાં પાણી સંપૂર્ણપણે બરફ થઈ ગયા છે. નદી સંપૂર્ણપણે બરફમાં ફેરવાઈ ગયા છે. પાર્ક અને જાહેર સ્થળો ઉપર ચારે બાજુ બરફ નજરે પડે છે. લોકોને ઘરમાં જ રહેવાની ફરજ પડી રહી છે. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ સ્કુલ અને કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. આવનાર દિવસોમાં અમેરિકામાં હાલની સ્થિતિમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ન્યૂયોર્ક, શિકાગો સહિતના મોટાભાગના વિસ્તારોમાં વહેલીતકે સ્થિતિ નહીં સુધરે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

પ્રધાનમંત્રી બચાવો... ● ત્રીજા પાનાનું ચાલુ

● ટેક્સમાં છૂટ મળવાથી સૌથી વધારે ખુશી ૩૦૦ રૂપિયા દહાડિયા લેતા ભક્તોના ચહેરા પર દેખાઈ રહી છે.

● બજેટ અમે પૂરી સભાન અવસ્થામાં બધા વર્ગોને ધ્યાનમાં લઈને બનાવ્યુ છે. પિયૂષ તો ચાચા પહેલા કઈ બ્રાન્ડ લઈને બનાવતા હતા...

● બોલો વિચાર કરો કે અંધ મોદી વિરોધી મીડિયાને કાલના બજેટમાં ભૂલ શોધવી અઘરૂ પડી ગયુ. કેવુ જોરદાર બજેટ છે.

● આ બજેટ નહી પણ 'પ્રધાનમંત્રી' બચાવો યોજના છે.

● બજેટમાં મોટી જાહેરાત... ૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે ઉપર મોદી એક મેગા ઈવેન્ટ કરશે... જેમાં સુખી દાંપત્ય જીવન પર સલાહ દેશે.... દેશમાં જોવાનું ન ભૂલતા બજેટ સ્પેશીયલ...

● દેશની વર્તમાન સ્થિતિ જોતા એવુ લાગે છે કે મોદીને પ્રધાનમંત્રીની ખુર્શીની જરૂર નહી પણ પ્રધાનમંત્રીની ખુર્શીને મોદીની જરૂર છે.

● ખેડૂતોને ૬ હજાર વર્ષના, સાધુઓને ૨૪ હજાર વર્ષના.... હવે ભારત કૃષિ પ્રધાન નહી પણ ગાંજા ચિલમ પ્રધાન દેશ જાહેર થશે.

● પાંચ લાખ સુધીનાને આવક વેરામાંથી મુક્તિ પણ આવકને લાયક જોબ છે ક્યાં ? પક્કડોના ધંધાથી એટલી આવક તો ન જ થાય ને શુ ક્યાંય ગટર ગેસની એજન્સી મળશે ?

● જ્યારે સામાન્ય નાગરિકની આવક જ નથી તો ઈન્કમટેક્સમાં છૂટ આપવાનો શુ મતલબ ?

● હવે મોદી માટે ૧૬ રૂપિયાથી જ્યારે ખેડૂત ભાઈ બીડી ફુંકશે... ત્યારે કિસાનોના બધા ગમ બીડીના ધુમાડામાં ધૂમાડો-ધૂમાડો થઈને ખતમ થઈ જશે...

(આ તમામ પોસ્ટ સોશ્યલ મિડીયાથી પ્રાપ્ત થઈ છે.)